दाखल तारीख ः २४/०४/२०२५
નોંધ્યા તારીખ ઃ ૨૪/૦૪/૨૦૨૫
ફેંસલ તારીખ ઃ ૦૪/૦૬/૨૦૨૬
સમયગાળો ઃવર્ષ – માસ – દિવસ
૦૧ – ૦૧ – ૧૧

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**પાટણના મે. એડી. ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટ. મુ. પાટણ.**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ફોજદારી કેસ. નં.૧૩૩૪/૨૦૨૫**
**આંક – ૧૫**

**ફરીયાદી :–** **શ્રી સરકાર...**

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** **બચુજી છનાજી ઠાકોર**
ઉં.વ.આ. ૬૦, રહે. આબુવાળુ ડેલું,
પાટણ, તા.જી. પાટણ.

**ગુનો :–** **પ્રોહી. એક્ટની કલમ – ૬૫(એ)(એ) મુજબ.**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

**ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી**
**આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.ટી. રૂપારેલીયા**

❖~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~❖

## ઃ ઠ રા વ ઃ

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારનાઓ બચુજી છનાજી ઠાકોર રહે.આબુવાળુ ડેલું, પાટણ, તા.જી.પાટણ વાળાનાઓ પોતના કબજા ભોગવટાના રહેણાંકના ઘરની આગળ આવેલ ઓસરીના ભાગે ગેર કાયદેસર અને વગર પાસ પરમીટનો દેશી દારૂ લીટર ૦૩ કિ.રૂા.૬૦/– નો પોતાના કબજામાં રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર નહી મળી આવી તહોમતદારનાઓએ ગુજરાત નશાબંધી

અધિનીયમ ૧૯૪૯ ની કલમ ૬૫(એ)(એ) મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે.

(૨) આ કામમાં કોર્ટ દ્વારા સમન્સ ઈસ્યુ કરતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા, તેમને ફોજદારી કાર્યરીતીની કલમ–૨૦૭ મુજબ તમામ કેસ પેપર્સ આપવામાં આવેલ અને આરોપી વિરુધ્ધમાં કેસ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ તહોમતનામું આંક–૦૪ થી ફરમાવી, આરોપીની આંક–૦૫ થી જુબાની નોંધવામાં આવેલ, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષે પુરાવાની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ. નં. | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | શૈલેષભાઈ શિવાભાઈ ચૌધરી | ૦૭ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ. નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી અ.પો.કો. એલ.સી.બી. પાટણ લખનકુમાર અમૃતભાઈ આપેલ ફરિયાદ. | ૦૯ |
| ૨. | કબજે કરેલ પ્રોહી મુદ્ધામાલનું પંચનામું. | ૦૮ |

(૪) ઉપરોકત પુરાવા બાદ આરોપીનું વિશેષ નિવેદન લેવા જેટલો પુરતો પુરાવો પડતો ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી **જી.ટી. રૂપારેલીયા**ની દલીલો સાંભળી.

(૬) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામે તહોમતદારે પોતાના કબજા ભોગવટાના રહેણાંકના મકાનની આગળની ઓસરીના ભાગે ગેર કાયદેસર અને વગર પાસ

પરમીટનો દેશી દારૂ લીટર ૦૩ કિ.રૂા.૬૦/– નો પોતાના કબજામાં રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર નહી મળી તહોમતદારનાઓએ ગુજરાત નશાબંધી અધિનીયમ ૧૯૪૯ ની કલમ – ૬૫(એએ) મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–:કારણો:–**

**–: મુદા નં. ૧:–**

(૮) સદર કામે ફરીયાદપક્ષ તરફે મૂળ ફરીયાદી શૈલેષભાઈ શિવાભાઈ ચૌધરીને આંક–૦૭ થી તપાસવામાં આવેલ છે. સદર ફરીયાદીની સરતપાસમાં ફરીયાદી જણાવે છે કે, ગઈ તા.૨૭/૦૯/૨૦૨૪ ના રોજ ફરીયાદી પાટણ બી ડીવી. પો.સ્ટે.ફરજ બજાવતા હતા તે દરમ્યાન ફરીયાદી તથા હે.કો. વિક્રમસિંહ ઘનજીદાન પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા ફરતા પાલીકા બજાર નજીક આવતા ખાનગી રાહે હકીકત મળેલ કે આબુવાળા ડેલા પાસે રહેતા બચુજી છનાજી પોતાના ઘરે દેશી દારૂ રાખી વેચાણ કરે છે જે હકીકત આધારે નજીકમાંથી બે પંચો બોલાવી પંચોને હકીકતથી વાકેફ કરી હકીકતવાળી જગ્યાએ રેડ કરતાં કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી અને ઘરની ઓસરીના ભાગે એક ખાટલો પડેલ હોય જેની નીચેના ભાગે પ્લાસ્ટીકની થેલી પડેલ હોય જેની અંદર જોતા પોલીથીનની નાની નાની થેલી નંગ–૦૬ અને દારૂ લી.નંગ–૩ જે. કિ.રૂા. ૬૦ નો હોય અને જેમાંથી ૧૮૦ એમ.એલ. જેટલો સેમ્પલ સારુ અલગ કરી અને બાકીનો મુદામાલ સ્થળ ઉપર નાશ કર્યા અંગેનો વિગતવારનુ પંચનામુ હે.કો.વિક્રમદાન ઘનજીદાને કરેલુ જે પંચનામામાં તેઓની સહી છે તે ઓળખે છે જે રજુ દા.આંક–૦૮ આપવામાં આવે છે. ત્યારબાદ પો.સ્ટે. જઈ સરકાર તરફે ફરીાયદીએ ફરીયાદ આપેલી જે અસલ ફરીયાદમાં તેમની સહી છે જે તેઓ

ઓળખે છે જે રજુ દા.આંક–૦૯ આપવામાં આવે છે. ત્યારબાદ સદર ગુનો પી.એસ.ઓ.એ રજી. કરી આગળની તપાસ તુલશીભાઈને ડેપ્યુટ હુકમથી સોંપી આપેલી જે અસલ ડેપ્યુટ હુકમ રજુ કરુ છુ જે રજુ દા.આંક–૧૦ આપવામાં આવે છે ત્યારબાદ તેઓએ આરોપીને તા.૧૭/૧૦/૨૦૨૪ ના રોજ ધરપકડ કરી આગળની કાર્યવાહી કરેલી અને મુદામાલ એફ.એસ.એલ.માં મોકલી આપેલો જે અંગેની રવાનગી નોંધ રજુ કરુ છુ જે દા.આંક–૧૧ આપવામાં આવે છે. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલ. બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ સ્વીકારેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી બનાવવાળી જગ્યાએ પકડેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ છે. એ વાત ખરી છે કે ત.ક.અમલદારે કોઈ સ્વતંત્ર સાહેદના નીવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે તપાસ કરનારે કોઈ માલીકી દર્શાવતા પુરાવા તપાસના કામે કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે કામગીરી બતાવવા ખોટી ફરીયાદ કરેલી તેના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

(૧૦) ફોજદારી કેસોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ વાજબી શંકા રહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપીત ગુના અંગેની ફરીયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું મુલ્યાંકન નીચે મુજબ છે.

(૧૧) આ કામે **સતીશ મેહરા વિ. દિલ્હી એડમીનીસ્ટ્રેશન ૯૬(૩) ક્રાઈમ્સ ૮૫** ના ચુકાદામાં નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્તાપિત કરેલા સિધ્ધાંત મુજબ જયારે મહત્વના સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, ત્યારે A બાકીના સાહેદોને તપાસવાની ઔપચારિકતા પુરી કરવાની જરૂર નથી અને વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું નિરીક્ષણ કરેલ છે કે,

**"When the Judge is fairly certain that, there is no**

**prospect of case ending in conviction, the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."**

(૧૨) ફરીયાદપક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતા તેમજ **સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ, ૧૯૬૦ જી.એલ.આર.૭૭** ના કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ સાહેદ ફરીયાદ પક્ષને સમર્થન આપતા ના હોય તેમજ પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખીને સજા કરી શકાય નહી. આ સંજોગોમાં પંચનામાને પંચ સાહેદના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી તેમજ આ કામે જે ઈંગ્લીશ બોટલો કબજે કરવામાં આવેલ છે તેનો બેચ નંબર તથા મેન્યુફેકચરીંગ ડેટ દર્શાવેલ નથી. જેથી પ્રોહી કલમ-૧૧૬(બી) મુજબના પ્રિઝમ્પશન માની શકાય નહી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. આ કામે પંચો સિવાયના સાહેદો પોલીસ સ્ટાફના માણસ છે અને તેઓ રસ ધરાવતા અને હિત ધરાવતા સાહેદો છે, તેઓના પુરાવાને અન્ય કોઈ સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા કોઈ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આ કામે ફરીયાદ પક્ષના પુરાવાને વંચાણે લેતા બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે અને ત્યાં રહેણાંકના મકાન આવેલ હોવાથી લોકોની સતત અવર-જવર રહે છે. આમ, બનાવવાળી જગ્યાએ સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે, તેમ છતાં તપાસ કરનાર અમલદાર દ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જસીટ ધ્યાનમાં લેતાં તેઓએ માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે ત્યારે ફરીયાદ પક્ષનાકેસ બાબતે શંકા ઉભી થાય છે. વધુમાં ફરીયાદપક્ષના પુરાવાના વિરોધાભાસના કારણે ફરીયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવાની જોગવાઈઓ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહીત સાબિત કરવાનો

હોય છે અને આરોપીએ પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે તે ઘ્યાને લેતાં ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકા રહીત પુરવાર કરી શકેલ ન હોઈ ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## ઃ **<u>હુ ક મ</u>** ઃ

૧. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) મુજબ આ કામના આરોપી **બચુજી છનાજી ઠાકોર**નાઓને તેમની વિરૂધ્ધના પ્રોહી એકટની કલમ–૬૫(એ)(એ) મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રીમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ–૪૩૭(ક) મુજબ આરોપીએ જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજ **તા.૦૪ મી, માહે જુન, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૦૪/૦૬/૨૦૨૬
પાટણ.

**(ધીરેન મનહરલાલ ચૌહાણ)**
**એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**પાટણ**
**Code No.GJ**–01006

**DSS**